






પ્રચારની પરાકાષ્ટા - શુક્રવારે સાંજે પાંચ વાગ્યે પ્રચાર પડઘમ શાંત થાય તે પૂર્વે અર્થાત છેલ્લા ૬ કલાક તો શહેર પ્રચારના રોડ-શોથી ધમધમી ઉઠ્યું હતું... મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલના નેતૃત્વમાં પેથાપુરથી કુડાસણનો લાંબો રોડ-શો આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો... જ્યારે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાના નેતૃત્વમાં વૉર્ડ નંબર-૨ એટલે પેથાપુરમાં યોજાયેલ રોડ-શોએ પણ વાતાવરણમાં ગરમાવો લાવી દીધો હતો... જ્યારે આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતાઓ અલગ-અલગ વૉર્ડમાં નેતૃત્વ સંભાળી ૧૧-૧૧ વૉર્ડમાં રોડ-શો કરી પોતાનો જોમ-જુસ્સો વ્યક્ત કર્યો હતો... આમ ત્રણેય પક્ષોએ અલગ-અલગ રીતે શક્તિ પ્રદર્શનો યોજ્યા હતા... જોકે રવિવારે આ બધા જ પ્રદર્શનો મતમાં કેટલા પરિવર્તિત થશે એ જોવાનું રહ્યું....

# હજુ ૧૫ ટકા મતદારો અનિર્ણાયક હોવાથી અણધાર્યા પરિણામોના એંધાણ

## કોંગ્રેસ અને ભાજપ બન્નેની વોટબેંકમાંથી ગાબડા પડી રહ્યા છે કોનામાં કેટલા એ ૫ મીએ ખબર પડશે : બુથમાં જીતશે એ ચૂંટણી જીતશે

**મહાનગરનો મહાજંગ**

પ્રચારના અંતિમ દિવસે રેલીઓના ઘોંઘાટની વચ્ચે શહેરીજનોએ વધુ એક રાજકીય શૉ માણ્યો હતો. ક્યાં-કોની-કેટલી-કેવી રેલી હતી..?! એની ચર્ચાઓથી આખો દિવસ ગાજતો રહ્યો એ મુલ્યાંકનનો વિષય છે... ખોરવાયા છે. ગુરૂવારે સાંજે એક તટસ્થ સર્વે કંપની દ્વારા કરાયેલા સર્વેના આંકડા ચોંકાવનારા છે. એ આંકડાનો એક ભાગ એવો પણ હતો કે મતદાનના ૭૨ કલાક પહેલા પણ ૧૫ ટકા મતદારો હજુ અનિર્ણાયક સ્થિતિમાં છે અને આ ૧૫ ટકા મતદારો શુક્ર અને શનિવાર સુધીમાં જે નિર્ણય લેશે તેજ પરિણામ બનશે. ટુંકમાં એવુ કહી શકાય કે શુક્રવાર અને શનિવાર મહાનગરના મહા જંગ માટે નિર્ણાયક સમય બનશે. અને આ વાંચશો ત્યારે શુક્રવાર પસાર થઈ ગયો હશે પણ શનિવાર ખુબ મહત્વનો બનશે. જેને હળવાશથી એવું કહી શકાય કે આ ફેંસલાનો દિવસ ગણી શકાય.

મહા જંગની જ્યારે પણ ચર્ચા થાય છે ત્યારે વોર્ડ વાઈઝ કોનુ પલ્લુ ભારે રહેશે તેની વાતો ચોરે ને ચૌટે ચાલે છે પણ કેટલાંક જ્ઞાતિ આધારિત સમીકરણ બદલાઈ રહ્યા છે..!! સત્તા પક્ષ મોટા જ્ઞાતિ સમુહને સારૂ લગાડવાના જોરદાર પ્રયાસો નાના નાના જ્ઞાતિ સમૂહો અવગણનાનો અનુભવ કરે છે. જેના કારણે બન્ને પક્ષોની વોટબેંક તુટતી જાય છે. કયા પક્ષના કેટલા વોટ આમ આદમી પાર્ટી તરફ સરકશે એ સ્પષ્ટ રીતે હજુ દેખાતુ નથી..! પરંતુ બન્ને પક્ષે બહુ મોટી અસર થશે એવું ચોક્કસ રીતે માની શકાય છે. આમ આદમી પાર્ટી કેટલી બેઠકો મેળવશે..? કેટલા મત મળવશે..? એ તો ૫ મીએ જ ખબર પડશે. પણ બન્ને પક્ષોના મતદાનના આંકડાઓ (વોટ શેર)માં જરૂર ફરક પડી રહ્યો છે અને બીજુ આમ આદમી પાર્ટીને મળતા મતોનું બેઠકોમાં કેટલુ પરિવર્તન થાય છે એ પણ ચર્ચાનો અલગ મુદ્દો છે. પણ એવું ચોક્કસ કહી શકાય કે મતદાનના ૨૪ કલાક પહેલાં અણધાર્યા પરિણામના એંધાણ વરતાઈ રહ્યા છે. કયા વોર્ડમાં કયો પક્ષ કોના મત કેટલા લેશે..?! એ ગણિત ગુંચવાતુ જાય છે. હવે તો શનિવારનો દિવસ. મતદાર સ્લીપોનું વિતરણ પ્રભાવી મતદારોનો સંપર્ક અને બુથ મેનેજમેન્ટની પ્રક્રિયામાં પસાર થશે. આમ તો એવું કહેવાય છે કે બુથમાં જીતે એ ચૂંટણી જીતે..!! જોઈએ..! વ્યવસ્થામાં કોણ માહિર નીવડે છે. મતદારોને મથક સુધી પહોંચાડવાની પ્રક્રિયામાં કોણ અસરકારક નીવડશે. એના પર પરિણામના સમીકરણો સાચા પડશે..!

વિવેચનનો વિષય છે..!! પરંતુ ઠેર ઠેર જે સવાલ પુછાય છે કે કોણ જીતશે...?! કયા પક્ષનો મેયર બનશે ? એને જવાબ આજે પણ કોઈ આપી શકે તેમ નથી..!! આમ આદમી પાર્ટીના આક્રમક પ્રવેશ અને પ્રચારના પગલે બધાજ પક્ષોના સમીકરણો ક્યાંક ને ક્યાંક

# જાહેર પ્રચાર શાંત થયો પણ મિત્ર મંડળની રાજનીતિના ખેલૈયાઓ સક્રિય થયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકાના ત્રીજા ચૂંટણી જંગના પ્રચાર અભિયાનના પડધમ શાંત થતાં જ હવે શહેરમાં મિત્ર મંડળની રાજનીતિના ખેલૈયાઓ સક્રિય થયા છે. શહેરમાં દરેક વોર્ડમાં ગૃપ બેઠકોનો સિલસિલો પણ શરૂ થઈ જવા પામ્યો છે.

આજે ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી દ્વારા વોર્ડમાં રેલીઓ યોજી શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ. જો કે રોડ શૉ દરમ્યાન પણ મતદારો તો અકળ જ દેખાયા હતા. ત્રિપાંખીયો જંગ રસાકસીભર્યો બન્યો હોવાથી હવે ત્રણેય પક્ષે મિત્રમંડળની રાજનીતિના ખેલૈયાઓ સક્રિય બન્યા છે.

**વોર્ડોમાં ગૃપ બેઠકો અને બુથ મેનેજમેન્ટને લઈ કાર્યાલયોમાં ભારે ધમધમાટ જોવા મળી રહ્યો છે**

વોર્ડોમાં ઉમેદવારો દ્વારા ગૃપ બેઠકોનું આયોજન થઈ રહ્યુ છે. આ ઉપરાંત સોશ્યલ મિડિયા પર પ્રચાર અભિયાન પર ભાર મુકવામાં આવી રહ્યો છે. શહેરમાં આ વખતે મિત્ર મંડળની રાજનીતિ કેવા પાસા પલટશે તે તો પરિણામ વખતે જ ખબર પડશે પરંતુ ટિકિટના દાવેદારો જે ગણાતા હતા તેઓ નારાજગી સાથે મેદાનમાં સક્રિય થયા છે.

શહેરમાં સામાજિક આગેવાનોનો સંપર્ક પણ ઉમેદવારો અને તેમના સમર્થકોએ સઘન રીતે હાથ ધર્યો છે. જો કે હવે ગણતરીના કલાકો જ મતદાનની આડે રહ્યા છે. ગૃપ બેઠકોનો સિલસિલો બપોરના ૪ પછી શરૂ થઈ ગયો છે અને બિનસત્તાવાર વિગતો પ્રમાણે દરેક વોર્ડમાં રાત્રિના ૯ વાગ્યા સુધીમાં ૧૦-૧૦થી વધુ બેઠકો થઈ છે.

ઉમેદવારો દ્વારા મતદાનની તૈયારીઓ માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. બુથ મેનેજમેન્ટ માટે ખાસ વ્યવસ્થાઓ ઉભી કરાઈ છે. જેથી દર કલાકે થયેલા મતદાન અને તેની પેટર્નની વિગતો ઉપલબ્ધ બની રહે.

આ ત્રિપાંખીયા જંગમાં દરેક પક્ષે થ્રી લેયર બુથ મેનેજમેન્ટ સિસ્ટમનો પ્લાન બનાવ્યો છે. વધુમાં વધુ મતદાન થાય તેના પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

## નારાજ કાર્યકરો તોડફોડ ના કરે તે માટે તેમના પર પક્ષો દ્વારા વૉચ ગોઠવાઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકાના ચૂંટણી જંગમાં જાહેર પ્રચાર અભિયાન સંપન્ન થયા બાદ શહેરમાં મતદાન પૂર્વે તોડફોડની શંકા જે કાર્યકરો પર છે તેમના પર રાજકીય પક્ષો દ્વારા ખાસ વૉચ ગોઠવવામાં આવી હોવાની વાતોએ રાજકીય વર્તુળોમાં ભારે ઉત્તેજનાઓ જગાવી છે.

શહેરની આ ચૂંટણીમાં મતદાનની પેટર્ન કેવી રહે છે તેના પર પરિણામ આવશે તેવા ગણિતો સાથે શહેરની ચૂંટણીમાં ભારે, મધ્યમ કે ધીમુ મતદાન થશે તે અંગેની અટકળો પણ શરૂ થઈ ગઈ છે.

શહેરમાં પહેલીવાર ત્રિપાંખીયો જંગ પ્રથમ ચૂંટણી વખતે કેટલાક કર્મચારી આગેવાનોએ અમાન્ય રાજકીય પક્ષની નોંધણી કરાવી કર્યો હતો પરંતુ જંગ ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો રહ્યો હતો.

આ વખતે આમ આદમી પાર્ટી, ભાજપ, કોંગ્રેસ તેમજ બસપાના ઉમેદવારો પણ મેદાનમાં છે તો અપક્ષો પણ ક્યાંક મેદાનમાં છે અને તેથી જ નારાજ કાર્યકરોને મનાવવાના પ્રયાસોમાં મળેલી નિષ્ફળતાઓ પછી કોઈ તોડફોડની રાજનીતિ આ કાર્યકરો ના ખેલે તે માટે તેમની આસપાસ ખાસ વૉચ ગોઠવવામાં આવી હોવાની વાતોએ શહેરમાં ભારે ચર્ચા જગાવી છે.


**ગાંધીનગર મહાનગરપાલિકા ચુંટણી-૨૦૨૧**



**વોર્ડ નં-૯ માં સમાવિષ્ટ વિસ્તાર**

સેક્ટર-૨, સેક્ટર-૩, ૩ ન્યુ, ઈન્ફોસીટી, કુડાસણ, ધોળાકુવા ગામનો ભાગ

| ક્રમ | ઉમેદવાર | ભાજપની પેનલના ઉમેદવારોના નામ | નિશાન | બટન |
|---|---|---|---|---|
| ૧ | | અલ્પાબેન કૌશિકભાઈ પટેલ (પૂર્વ તાલુકા સદસ્ય - ગાંધીનગર તાલુકા પંચાયત) મો : ૯૯૨૪૨૧૫૧૯૯ | | |
| ૫ | | રાજુભાઈ શંકરભાઈ પટેલ (ટ્રસ્ટી-ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર) નિવૃત્ત - સરકારી કર્મચારી મો : ૯૯૨૫૦ ૨૬૮૦૯ | | |
| ૮ | | શૈલાબેન સુનિલભાઈ ત્રિવેદી Ahemedaba South Zone President Lions Club (રાધે થાળ) મો : ૯૭૧૨૯૮૭૬૩૮ | | |
| ૧૦ | | ડો. સંકેતભાઈ રમેશભાઈ પંચાસરા M.D. Medicine - Apollo Hospital (પ્રજાપતિ) મો : ૯૪૨૮૦૧૬૦૯૩ | | |

નમ્ર વિનંતી : ૪ મત આપ્યા પછી સામેનું પીળું બટન અવશ્ય દબાવવું → રજીસ્ટર

સૂચના : મતદાન અવશ્ય કરો. મતદાન કરવું એ સર્વે નાગરિકની ફરજ છે અને મતદાન એ મહાદાન છે.

- ભાજપની પેનલના ૪ ઉમેદવાર ને મત આપવા તેમના ક્રમાંક ૧,૫,૮,૧૦ ના નિશાન કમળની સામેના ૪ વાદળી બટન ક્રમ વાર દબાવો.
- બટન દબાવવાથી તેની પાસેની લાલ બત્તી થશે તેમજ બીપનો અવાજ આવશે, જો લાલબત્તી ન થાય તો ફરી બરાબર વાદળી બટન દબાવો. ભાજપની પેનલના ચારેય ઉમેદવારની સામેનું વાદળી બટન દબાવી નીચે આપેલું પીળું બટન (રજીસ્ટર) દબાવવાથી જ આપનો મત નોંધાયેલો ગણાશે.
- મતદાન મશીનમાં ચારેય કમળના નિશાન સામેનું વાદળી બટન દબાવી પીળું બટન દબાવો એટલે જ ભાજપની પેનલને મત.

ચૂંટણી કાર્ડ મતદાન સમયે અવશ્ય સાથે લઈ જવું.

ગાંધીનગરનું હિત, ભાજપની જીત...

ગાંધીનગર છે મક્કમ ભાજપ સાથે અડીખમ

મતદાન તારીખ : ૦૩-૧૦-૨૦૨૧, રવિવાર, સમય : સવારે ૭-૦૦ થી સાંજે ૬-૦૦

પ્રકાશક : ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર પ્રત : ૧૦૦૦ મુદ્રક : મહેશ્વરી પ્રિન્ટીંગ પ્રેસ, ગાંધીનગર


## શહેરમાં ચાર હજારથી વધુ મચ્છર ઉત્પત્તિ સ્થાનોનો નાશ કરાયો

ગાંધીનગર, તા. ૧

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા અપાયેલ સૂચનાને પગલે શહેર-જિલ્લામાં આજથી વાહકજન્ય રોગચાળા અંગેના સર્વેલન્સની ઝુંબેશનો આરંભ થયો છે.

એક સપ્તાહ સુધી ચાલનારા આ અભિયાનના પ્રથમ દિવસે ગાંધીનગર શહેરમાં ૧૬,૫૬૩ ઘરોની કરાયેલી ચકાસણીમાં ૫૯૧ ઘરોમાંથી મચ્છરોના પોરા મળી આવતાં તંત્રની ટીમ દ્વારા પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી.

આજે શહેરમાં ૯૯ હજારથી વધુ લોકોને પણ ચકાસવામાં આવ્યા હતા જે પૈકી ૩૦૯ લોકોના લોહીના નમૂના લઈ અને ચકાસણી માટે મોકલી આપવામાં આવ્યા છે.

શહેરની મેલેરિયાતંત્રની ૮૦ થી વધુ ટીમો દ્વારા કરાયેલા આ સર્વેલન્સ દરમ્યાન ૪૦૮૨ જેટલા મચ્છરોના ઉત્પત્તિ સ્થાનો નાશ કરવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

ગાંધીનગર શહેરમાં વાહકજન્ય રોગચાળાના કેસોમાં થઈ રહેલા વધારાએ તંત્રની ચિંતામાં વધારો જરૂર કર્યો છે પરંતુ તંત્ર પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરી રહેલ છે.

# ચુંટણી પ્રચારના અંતિમ દિવસે ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા

## મુખ્યમંત્રીનો રોડ શોના લીધે મુખ્યમાર્ગો પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો : સેકટરોમાં પણ બાઇક રેલી અને ડી જે ના ધમધમાટ વચ્ચે આખો દિવસ પ્રચાર ઝુંબેશ ટોક ઓફ ધ ટાઉન બની

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં મહાનગરપાલિકાની ચુંટણીના લીધે છેલ્લા એક સપ્તાહથી રાજકીય પક્ષોની પ્રચાર ઝુંબેશથી ઉત્તેજનાનો માહોલ છવાયો છે. આજે ચુંટણી પ્રચારના અંતિમ દિવસે શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં સતત વિવિધ રાજકીય પક્ષોના પ્રચાર પડઘમ કાને અથડાતા રહ્યા હતા. શહેરના મુખ્યમાર્ગો પરથી આજે મુખ્યમંત્રીનો રોડ શો પણ આકર્ષણનુ કેન્દ્ર બન્યો હતો જયારે સેકટરોમાં ડી જેના ધમધમાટ વચ્ચે બાઇક રેલી યોજવામાં આવી હતી. શહેરમાં ચુંટણી પ્રચારની બાઇક રેલી અને રોડ શો ના લીધે મુખ્યમાર્ગો પર ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીના પ્રચારના અંતિમ દિવસે આજે શહેરમાં અનોખો ધમધમાટ જોવા મળ્યો હતો. વિવિધ રાજકીય પક્ષોએ છેલ્લા તબક્કાની પ્રચાર ઝુંબેશમાં જોડાયા હતા. શહેરના રાજકીય પ્રચારના પડઘમ છવાયેલા રહેતા સેકટરવાસીઓમાં પણ રાજકીય ચર્ચા અને ઉત્તેજનાએ જોર પકડયુ હતુ. આમ આદમી પાર્ટીની

**શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોમાં પ્રચાર ઝુંબેશના અંતિમ તબક્કામાં મતદારોને રીઝવવા એડી ચૌટીનુ જોર લગાવ્યુ : વિવિધ રાજકીય પક્ષોના પ્રચારથી સેકટરે સેકટરે પણ દિવસ દરમિયાન ચુંટણીનો ધમધમાટ જોવા મળ્યો**

શહેરના માર્ગો પર આખો દિવસ મુખ્ય માર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં પણ આખો દિવસ પ્રચાર ઝુંબેશના લીધે શોરબકોર રહ્યો હતો. રોડ શો, બાઇક રેલી સાથે ડી જેના ધમધમાટ વચ્ચે રાજકીય પક્ષોએ મતદારોને રીઝવવા માટે મરણિયા પ્રયાસ કર્યા હતા. બીજીતરફ ચુંટણી ટાંણે વચનો આપતા રાજકીય પક્ષોની પ્રચાર ઝુંબેશ આમ નાગરિકો માટે પણ ચર્ચાનો વિષય બની હતી.

એન્ટ્રીના લીધે આમ પણ ચુંટણી જંગ વધુ રસપ્રદ બન્યો છે. આ સ્થિતિ વચ્ચે પ્રચારના અંતિમ દિવસે મુખ્યમંત્રીના રોડ શોમાં પણ મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો વાહનો સાથે જોડાયા હતા. પેથાપુર સર્કલથી શરૂ થયેલા આ રોડ શોમાં નગરના મુખ્ય ઘ માર્ગ તેમજ ખ માર્ગ સહીત સરગાસણ ચોકડી અને રીલાયન્સ ચોકડી પણ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# કુડાસણની સોસાયટીઓમાં બે દિવસથી પાણીનો સપ્લાય બંધ છે

## તંત્રને ફરિયાદો કરી રહીશો થાક્યા છે પણ નક્કર કાર્યવાહી ના થતાં રહીશોમાં રોષ

ગાંધીનગર, તા. ૧

ન્યુ ગાંધીનગર તરીકે વિકાસ પામી રહેલ કુડાસણના સોસાયટી વિસ્તારમાં છેલ્લા બે દિવસથી પાણીનો સપ્લાય બંધ રહેતાં રહીશો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

હજુ ઉનાળાનો સમય તો બહુ જ દૂર છે પણ કુડાસણ નજીક બનેલ વૃંદાવન બંગ્લોઝ, શ્યામકુંજ સોસાયટી, રાધે તેમજ અન્ય સોસાયટીમાં વારંવાર પાણીનો સપ્લાય બે થી ૩ દિવસ માટે બંધ કરી રહીશોને હેરાન કરવામાં આવી રહ્યાની ફરિયાદો ઉઠી છે.

આ અંગે વારંવાર સત્તાવાળાઓનું ધ્યાન દોરવા છતાં સમસ્યાનું નિરાકરણ આવતુ નથી. આ સમસ્યાને લઈ હવે રહીશો મતદાનનો બહિષ્કાર કરવા સુધીના આકરા પગલાં લેવાની વિચારણા કરી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં જ પાણીનો પોકાર ચોમાસુ પૂર્ણ થાય તે પહેલાં ઉઠવા પામ્યો છે. તંત્ર પણ આ સમસ્યા અંગે જે આંખ આડા કાન કરી રહેલ છે તેનાથી લોકોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. આ તો કયા પ્રકારના વિકાસની ગતિ છે તે સમજાતુ નહિ હોવાનું રહીશો કહી રહ્યા છે.


**ઉઠમણું**


સ્વ. શશીકાંતભાઈ ગીરધરલાલ જસાણી

અમારા પિતાશ્રી શશીકાંતભાઈ ગીરધરલાલ જસાણીનું દુ:ખદ અવસાન તા. ૩૦-૦૯-૨૦૨૧, ગુરૂવારના રોજ થયેલ છે. પરમ કૃપાળુ પરમાત્મા એમના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના. સદ્‌ગતનું બેસણું તા. ૦૨-૧૦-૨૦૨૧, શનિવારના રોજ સાંજે ૫.૦૦ થી ૬.૦૦ કલાકે રાખેલ છે.

બેસણાનું સ્થળ : મંગલમૂર્તિ ફ્લેટનું પાર્કીંગ, ચરેડી પાણીની ટાંકીની આગળ આવતા ડાબી તરફ, પેથાપુર.

લિ. પુષ્પાબેન શશીકાંતભાઈ જસાણી

પારૂલ (પુત્રી) અશોકકુમાર કોઠારી (જમાઈ)
ભાવના (પુત્રી) પાર્થ ઠક્કર (જમાઈ)
ધૈર્ય (પૌત્ર) મિથિલેષ, સ્મિત (દોહિત્ર)

હિરેન શશીકાંતભાઈ જસાણી (પુત્ર)
દિપ્તી હિરેન જસાણી (પૂત્રવધૂ)
મો. ૮૧૬૦૧૮૫૩૯૬, ૯૯૧૩૩૯૭૫૨૫

પિયરપક્ષની સાદડી પણ ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
સ્વ. મોહનલાલ હેમરાજ ભાયાણી
જયેશભાઈ મોહનલાલ ભાયાણી    જશરાજભાઈ મોહનલાલ ભાયાણી


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com